**Signature and Name of Invigilator**

1. (Signature) ____________________

   (Name) ____________________

2. (Signature) ____________________

   (Name) ____________________

**Answer Sheet No. :** ..............................................

(To be filled by the Candidate)

**Roll No.** | | | | | | | |

(In figures as per admission card)

**Roll No.** ____________________

(In words)

**Test Booklet No.**

**D – 3707**

**PAPER – II**

# GUJARATI

**Time : 1¼ hours]** **[Maximum Marks : 100**

Number of Pages in this Booklet : **16** Number of Questions in this Booklet : **50**

## Instructions for the Candidates

1. Write your roll number in the space provided on the top of this page.
2. This paper consists of fifty multiple-choice type of questions.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (ii) **Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.**
   (iii) After this verification is over, the Serial No. of the booklet should be entered in the Answer-sheets and the Serial No. of Answer Sheet should be entered on this Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example :** (A) (B) ⬤ (D)

   where (C) is the correct response.
5. Your responses to the items are to be indicated in the Answer Sheet given **inside the Paper I booklet only**. If you mark at any place other than in the ovals in the Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your name or put any mark on any part of the test booklet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, you will render yourself liable to disqualification.
9. You have to return the test question booklet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall.
10. **Use only Blue/Black Ball point pen.**
11. **Use of any calculator or log table etc., is prohibited.**
12. **There is NO negative marking.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. पहले पृष्ठ के ऊपर नियत स्थान पर अपना रोल नम्बर लिखिए।
2. इस प्रश्न-पत्र में पचास बहुविकल्पीय प्रश्न हैं।
3. परीक्षा प्रारम्भ होने पर, प्रश्न-पुस्तिका आपको दे दी जायेगी। पहले पाँच मिनट आपको प्रश्न-पुस्तिका खोलने तथा उसकी निम्नलिखित जाँच के लिए दिये जायेंगे जिसकी जाँच आपको अवश्य करनी है :
   (i) प्रश्न-पुस्तिका खोलने के लिए उसके कवर पेज पर लगी कागज की सील को फाड़ लें। खुली हुई या बिना स्टीकर-सील की पुस्तिका स्वीकार न करें।
   (ii) **कवर पृष्ठ पर छपे निर्देशानुसार प्रश्न-पुस्तिका के पृष्ठ तथा प्रश्नों की संख्या को अच्छी तरह चैक कर लें कि ये पूरे हैं। दोषपूर्ण पुस्तिका जिनमें पृष्ठ/प्रश्न कम हों या दुबारा आ गये हों या सीरियल में न हों अर्थात किसी भी प्रकार की त्रुटिपूर्ण पुस्तिका स्वीकार न करें तथा उसी समय उसे लौटाकर उसके स्थान पर दूसरी सही प्रश्न-पुस्तिका ले लें। इसके लिए आपको पाँच मिनट दिये जायेंगे। उसके बाद न तो आपकी प्रश्न-पुस्तिका वापस ली जायेगी और न ही आपको अतिरिक्त समय दिया जायेगा।**
   (iii) इस जाँच के बाद प्रश्न-पुस्तिका की क्रम संख्या उत्तर-पत्रक पर अंकित करें और उत्तर-पत्रक की क्रम संख्या इस प्रश्न-पुस्तिका पर अंकित कर दें।
4. प्रत्येक प्रश्न के लिए चार उत्तर विकल्प (A), (B), (C) तथा (D) दिये गये हैं। आपको सही उत्तर के दीर्घवृत्त को पेन से भरकर काला करना है जैसा कि नीचे दिखाया गया है।

   **उदाहरण :** (A) (B) ⬤ (D)

   जबकि (C) सही उत्तर है।
5. प्रश्नों के उत्तर **केवल प्रश्न पत्र I के अन्दर दिये गये** उत्तर-पत्रक पर ही अंकित करने हैं। यदि आप उत्तर पत्रक पर दिये गये दीर्घवृत्त के अलावा किसी अन्य स्थान पर उत्तर चिन्हांकित करते है, तो उसका मूल्यांकन नहीं होगा।
6. अन्दर दिये गये निर्देशों को ध्यानपूर्वक पढ़ें।
7. कच्चा काम (Rough Work) इस पुस्तिका के अन्तिम पृष्ठ पर करें।
8. यदि आप उत्तर-पुस्तिका पर अपना नाम या ऐसा कोई भी निशान जिससे आपकी पहचान हो सके, किसी भी भाग पर दर्शाते या अंकित करते हैं तो परीक्षा के लिये अयोग्य घोषित कर दिये जायेंगे।
9. आपको परीक्षा समाप्त होने पर उत्तर-पुस्तिका निरीक्षक महोदय को लौटाना आवश्यक है और परीक्षा समाप्ति के बाद अपने साथ परीक्षा भवन से बाहर न लेकर जायें।
10. **केवल नीले/काले बाल प्वाईंट पैन का ही इस्तेमाल करें।**
11. **किसी भी प्रकार का संगणक (कैलकुलेटर) या लाग टेबल आदि का प्रयोग वर्जित है।**
12. **गलत उत्तर के लिए अंक नहीं काटे जायेंगे।**

# GUJARATI

## PAPER – II

**Note :** This paper contains **fifty** (50) multiple-choice questions, each question carrying **two** (2) marks. Mark the correct response in the answer-sheet. All questions are **compulsory**.

**સૂચના :** આ પ્રશ્નપત્રમાં પચાસ (50) વૈકલ્પિક પ્રશ્નો છે. ઉત્તર વહીમાં સાચા ઉત્તર માટે નિશાન કરો. તમામ પ્રશ્નો ફરજિયાત છે.

**1.** 'અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતન રૂપ?' - પંક્તિનો છંદ ઓળખાવો :-

(A) દોહરો (B) સવૈયા

(C) ચોપાઈ (D) હરિગીત

**2.** 'વજ્રથીય કઠોર અને ફૂલથીય કોમળ હૃદય - ઉક્તિમાંનો અલંકાર ઓળખાવો :

(A) અનન્વય (B) દૃષ્ટાંત

(C) રૂપક (D) વ્યતિરેક

**3.** 'ઝંઝા' સાહિત્યકૃતિનો પ્રકાર જણાવો :-

(A) નવલકથા (B) નાટક

(C) પદ્યરૂપક (D) કરુણપ્રશસ્તિ

**4.** 'રસિકવલ્લભ' કૃતિના કર્તા કોણ છે?

(A) પ્રેમાનંદ (B) શામળ

(C) દયારામ (D) વિશ્વનાથ જાની

**5.** 'વાસૂકિ' ઉપનામ કોનું હતું?

(A) સુરેશ હ. જોષી (B) જગદીશ જોશી

(C) ગૌરીશંકર ગો. જોશી (D) ઉમાશંકર જોશી

6. 'પીતામ્બર' શબ્દ (સામાસિક પદ) નો સમાસ ઓળખાવોઃ-

(A) કર્મધારય (B) દ્વિગુ

(C) મધ્યમપદલોપી (D) દ્વંદ્વ

7. 'ઔચિત્યવાદ'ના પ્રણેતા કોણ હતા?

(A) ભટ્ટ તૌત (B) ક્ષેમેન્દ્ર

(C) વામન (D) ભામહ

8. 'સ્મરણસંહિતા' કરુણપ્રશસ્તિના કવિ કોણ?

(A) દલપતરામ કવિ (B) ભોળાનાથ દીવેટિયા

(C) નરસિંહરાવ દીવેટિયા (D) બાળાશંકર કંથારિયા

9. કેન્દ્રીય સાહિત્ય અકાદમીનો 2006 ના વર્ષનો પુરસ્કાર કથા લેખકને એનાયત થયો છે?

(A) રતિલાલ 'અનિલ' (B) સુમન શાહ

(C) ચિનુ મોદી (D) રાજેન્દ્ર શુક્લ

10. ક્યા બે સર્જકો ગાંધીયુગના નથી?

(i) સ્નેહ રશ્મિ

(ii) જયંત પાઠક

(iii) જયંત ખત્રી

(iv) મેઘાણી

(A) (i) અને (ii) (B) (ii) અને (iv)

(C) (iii) અને (iv) (D) (ii) અને (iii)

11. ક્યા બે લેખકો કવિ અને નિબંધકાર છે?

(i) સુરેશ જોષી

(ii) દિગીશ મહેતા

(iii) ભોળાભાઈ પટેલ

(iv) યજ્ઞેશ દવે

(A) (ii) અને (iii)
(B) (iii) અને (i)
(C) (i) અને (iv)
(D) (iv) અને (ii)

12. ક્યા બે લેખકો અત્યારે સામયિકના તંત્રી-સમ્પાદક છે?

(i) જયદેવ શુક્લ

(ii) રતિલાલ 'અનિલ'

(iii) જોસેફ મેકવાન

(iv) હરીશ મીનાશ્રુ

(A) (iii) અને (iv)
(B) (i) અને (ii)
(C) (i) અને (iv)
(D) (ii) અને (iii)

13. ક્યા બે કવિઓ મધ્યકાલીન છે?

(i) મનુભાઈ ત્રિવેદી 'સરોદ'

(ii) પૂજાલાલ

(iii) વિશ્વનાથ જાની

(iv) શ્રીધર વ્યાસ

(A) (i) અને (ii)
(B) (ii) અને (iv)
(C) (ii) અને (iii)
(D) (iii) અને (iv)

14. કઈ બે કૃતિઓ નવલિકાઓ છે?

(i) પાદરનાં તીરથ

(ii) નેશનલ સેવિંગ

(iii) સમુડી

(iv) ખાંડણિયામાં માથું

(A) (ii) અને (iv)
(B) (i) અને (ii)
(C) (ii) અને (iii)
(D) (iii) અને (iv)

15. ક્યા બે કવિઓ જ્ઞાનમાર્ગી કવિઓ નથી?

(i) માંડણ બંધારો

(ii) બ્રહ્માનંદ સ્વામી

(iii) રાજશેખર સૂરિ

(iv) નિરાંત

(A) (i) અને (ii)
(B) (ii) અને (iv)
(C) (ii) અને (iii)
(D) (iii) અને (iv)

16. ક્યા બે સર્જકો ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ થયા જ નહોતા?

(i) ધૂમકેતુ

(ii) વિનોદ ભટ્ટ

(iii) સુરેશ જોષી

(iv) યશવંત શુક્લ

(A) (i) અને (ii)
(B) (i) અને (iii)
(C) (ii) અને (iii)
(D) (iii) અને (iv)

17. કઈ બે કૃતિઓ 'એકાંકી' છે?

(i) હુકુમ માલિક!

(ii) ખગ્રાસ

(iii) કુમારની અગાસી

(iv) મરી જવાની મઝા

(A) (i) અને (iv) (B) (ii) અને (iii)

(C) (iii) અને (iv) (D) (i) અને (ii)

18. ક્યા બે નવલકથાકારોએ ઐતિહાસિક નવલકથા નથી લખી?

(i) રઘુવીર ચૌધરી

(ii) ભગવતીકુમાર શર્મા

(iii) ધૂમકેતુ

(iv) વીનેશ અંતાણી

(A) (i) અને (ii) (B) (ii) અને (iii)

(C) (iii) અને (iv) (D) (ii) અને (iv)

19. **માહિતી અ :** રૂપવિધાયક કલ્પનાનો સિધ્ધાંત કોલરિજે આપ્યો.

**માહિતી બ :** રૂપવિધાયક કલ્પનાનો સિધ્ધાંત વર્ડ્સ્વર્થે આપ્યો.

(A) **અ** સાચું છે, **બ** ખોટું છે.

(B) **અ** અને **બ** બંને સાચાં છે

(C) **અ** અને **બ** બંને ખોટાં છે

(D) **અ** ખોટું છે પણ **બ** સાચું છે

20. **માહિતી અ :** ગુજરાતીમાં સોનેટને લોકપ્રિય કરનાર બ.ક.ઠા. હતા.

**માહિતી બ :** ગુજરાતીમાં સોનેટને લોકપ્રિય કરનાર કવિ કાન્ત હતા.

(A) **અ** અને **બ** બંને ખોટાં છે

(B) **અ** ખોટું છે **બ** સાચું છે.

(C) **અ** સાચું છે પણ **બ** ખોટું છે

(D) **અ** અને **બ** બંને સાચાં છે.

21. **માહિતી અ :** અખા વિશે મહત્ત્વનું સંશોધન કરનાર હ.ચૂ. ભાયાણી છે.

**માહિતી બ :** અખા વિશે મહત્ત્વનું સંશોધન કરનાર ઉમાશંકર જોશી છે.

(A) **અ** સાચું છે **બ** ખોટું છે.

(B) **બ** સાચું છે **અ** ખોટું છે.

(C) **અ** અને **બ** બંને ખોટાં છે.

(D) **અ** અને **બ** બંને સાચાં છે.

22. **માહિતી અ :** 'કવિતા આત્માની કલા છે'- એમ આનંદ શંકર ધ્રુવે કહેલું.

**માહિતી બ :** 'કવિતા આત્માની કલા છે' એમ સુરેશ જોષીએ કહેલું.

(A) **બ** સાચું છે **અ** ખોટું છે.

(B) **અ** અને **બ** બંને સાચાં છે.

(C) **અ** અને **બ** બંને ખોટાં છે.

(D) **અ** સાચું છે **બ** ખોટું છે.

23. **માહિતી અ :** સૉફોક્લિસ 'એગામેમ્વન' નામક ટ્રેજેડી રચી હતી.

**માહિતી બ :** સૉફોક્લિસે 'ઇડિયસ રેક્સ' નામક ટ્રેજેડી રચી હતી.

(A) **અ** અને **બ** બંને ખોટાં છે

(B) **બ** સાચું ચે **અ** ખોટું છે

(C) **બ** ખોટું છે **અ** સાચું છે

(D) **અ** અને **બ** બંને સાચા છે

24. બે વાક્યોથી બનતું સંપૂર્ણપણે સાચું યુગ્મ કયું?

(A) ચિનુ મોદીએ છાંદસ કાવ્યો લખ્યાં છે. ચિનુ મોદી પ્રયોગશીલ કવિ છે.

(B) ચિનુ મોદી અનુગાંધીયુગના કવિ છે. ચિનુ મોદીએ ગઝલો લખી છે

(C) ચિનુ મોદી નવલકથાકાર છે. ચિનુ મોદી ભાષાશાસ્ત્રી છે.

(D) ચિનુ મોદી એકાંકીકાર છે. ચિનુ મોદીનું ઉપનામ 'ગાફિલ' છે.

25. બે વાક્યોથી બનતું સંપૂર્ણપણે સાચું યુગ્મ કયું?

(A) 'કાશ્મિરનો પ્રવાસ' બાળાશંકરે લખ્યા. 'આપની યાદી' કલાપીની કૃતિ છે.

(B) 'ક્લાન્ત કવિ' કલાપીની રચના છે. કલાપીએ ખંડકાવ્યો લખ્યાં છે.

(C) 'ગુજારે જે શિરે તારે' બાળાશંકરની રચના છે. બાળાશંકરને સૂફી મત માં રુચિ હતી.

(D) કલાપી મહાકવિ હતા. કલાપી અને બાળાશંકર મિત્રકવિ હતા.

26. બે વાક્યોથી બનતું સંપૂર્ણપણે સાચું યુગ્મ કયું?

(A) 'કાલાખ્યાન' લાભશંકર ઠાકરની રચના છે. લા.ઠા. પ્રયોગશીલ કવિ છે.

(B) લા.ઠા. આધુનિક વિવેચક છે. લા.ઠા. એ પરંપરાગત નાટકો લખ્યા છે.

(C) લા.ઠા. 'માણસની વાત' ના કવિ છે. લા.ઠા. ને જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો છે.

(D) લાભશંકર ઠાકરે નવલકથાઓ લખી છે. લા.ઠા.એ નિબંધો લખ્યા છે.

27. સર્વથા સુસંગત વિગતજૂથ કયું છે?

(A) ધર્મવિચાર - પંડિતયુગ - આનંદશંકર ધ્રુવ

(B) ધર્મવિચાર - સુધારક યુગ - નર્મદ

(C) ધર્મવિચાર - સાક્ષરયુગ - બાળાશંકર

(D) ધર્મવિચાર - ગાંધીયુગ- કાકા સાહેબ કાલેલકર

28. સર્વદા સુસંગત વિગતજૂથ કયું છે?

(A) સુન્દરમ્ - 13-7 ની લોકલ - દક્ષિણાયન

(B) સુન્દરમ્ - વિશ્વશાંતિ - અવલોકના

(C) સુન્દરમ્ - આત્માનાં ખંડેર - સ્મરણયાત્રા

(D) સુન્દરમ્ - જાજરૂની માખી - સમસંવેદન

29. સર્વથા વિસંગતજૂથ કયું?

(A) ગાંધીયુગ - અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ - સ્નેહરશ્મિ

(B) ગાંધીયુગ - યુગવંદના - રાધેશ્યામ શર્મા

(C) ગાંધીયુગ- ગુલાબ નાટક - નંદશંકર મહેતા

(D) ગાંધીયુગ-બળતાં પાણી - નિરંજન ભગત

30. સર્વથા વિસંગત જૂથ કયું?

(A) સિતાંશુ યશશ્ચન્દ્ર - જટાયુ - આધુનિક યુગ

(B) સિતાંશુ યશશ્ચન્દ્ર - ખગ્રાસ - વાર્તાકાર

(C) સિતાંશુ યશશ્ચન્દ્ર - વિવેચક - સર્‌રિયાલિઝમ

(D) સિતાંશુ યશશ્ચન્દ્ર - નવલકથાકાર - અસ્તિત્વવાદ

31. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું દર્શાવો

| | **યાદી : ૧** | | **યાદી : ૨** |
|---|---|---|---|
| (a) | અનહદની સરહદે | (1) | સોનેટ |
| (b) | ઉશનસ્ | (2) | નવલકથા |
| (c) | વળાવી બા આવી | (3) | સોનેટમાળા |
| (d) | વગડો | (4) | નટવરલાલ કુ.પંડયા |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 3 | 4 | 1 | 2 |
| (C) | 4 | 1 | 2 | 3 |
| (D) | 1 | 3 | 4 | 2 |

32. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું દર્શાવો

| | યાદી : ૧ | | યાદી : ૨ |
|---|---|---|---|
| (a) | ખંડકાવ્ય | (1) | સુન્દરમ્ |
| (b) | વીસમી સદી | (2) | હુન્નરખાનની ચઢાઇ |
| (c) | નાગરિકા | (3) | વીણાનો મૃગ |
| (d) | દલપતરામ | (4) | હાજી મહમ્મદ અલ્લારખા શિવજી |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 2 | 1 | 4 | 3 |
| (B) | 4 | 3 | 2 | 1 |
| (C) | 3 | 4 | 1 | 2 |
| (D) | 1 | 2 | 3 | 4 |

33. બંને યાદીઓની વિગતો સરરખાવીને ખરું જોડકું દર્શાવો :-

| | યાદી : ૧ | | યાદી : ૨ |
|---|---|---|---|
| (a) | સ્વગતપર્વ | (1) | વનાંચલ |
| (b) | ટુંકીવાર્તા | (2) | સામયિક |
| (c) | સ્મરણકથા | (3) | વહુ અને ઘોડો |
| (d) | ઉદ્દેશ | (4) | રમેશ પારેખ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 1 | 2 |
| (B) | 1 | 4 | 2 | 3 |
| (C) | 4 | 2 | 3 | 1 |
| (D) | 1 | 2 | 3 | 4 |

34. બંને યાદીઓની વિગતો સરખાવી ખરું જોડકું દર્શાવોઃ-

| | યાદી : ૧ | | યાદી : ૨ |
|---|---|---|---|
| (a) | માધવાનલ કામકંદલા પ્રબંધ | (1) | વિશ્વનાથ જાની |
| (b) | રણમલ્લ છંદ | (2) | જિન પદ્મ સુરિ |
| (c) | સ્થૂલિભદ્ર ફાગુ | (3) | ગણપતિ |
| (d) | પ્રેમપચીસી | (4) | શ્રીધર વ્યાસ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 4 | 3 |
| (B) | 3 | 4 | 1 | 2 |
| (C) | 2 | 1 | 3 | 4 |
| (D) | 3 | 4 | 2 | 1 |

35. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું દર્શાવોઃ-

| | યાદી : ૧ | | યાદી : ૨ |
|---|---|---|---|
| (a) | ત્રિભુવન | (1) | ગુણવાચક વિશેષણ |
| (b) | નદીમાં | (2) | સંજ્ઞાવાચક નામ |
| (c) | નીરજ | (3) | દ્વિગુ |
| (d) | ખાટું-ખારું | (4) | સપ્તમી વિભક્તિ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 2 | 1 |
| (B) | 1 | 2 | 3 | 4 |
| (C) | 4 | 3 | 2 | 1 |
| (D) | 2 | 1 | 4 | 3 |

36. કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે?

(A) જગન્નાથ - ભામહ - ભરતમુનિ - આનંદવર્ધન

(B) ભરતમુનિ - ભામહ - આનંદવર્ધન - જગન્નાથ

(C) આનંદવર્ધન - જગન્નાથ - ભામહ - ભરતમુનિ

(D) ભામહ - આનંદવર્ધન - ભરતમુનિ - જગન્નાથ

37. કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે?

(A) પ્રાચીના - સપ્તપદી - નિશીથ - વિશ્વશાંતિ

(B) નિશીથ - પ્રાચીના - વિશ્વશાંતિ - સપ્તપદી

(C) વિશ્વશાંતિ - નિશીથ - પ્રાચીના - સપ્તપદી

(D) સપ્તપદી - વિશ્વશાંતિ - નિશીથ - પ્રાચીના

38. કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે?

(A) ગ્રંથ - પ્રસ્થાન - કુમાર - બુધ્ધિપ્રકાશ

(B) પ્રસ્થાન - બુધ્ધિપ્રકાશ - ગ્રંથ - કુમાર

(C) કુમાર - ગ્રંથ- બુધ્ધિપ્રકાશ - પ્રસ્થાન

(D) બુધ્ધિપ્રકાશ - કુમાર - પ્રસ્થાન - ગ્રંથ

39. કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે?

(A) દાન્તે - વર્ડ્સ્વર્થ - એલિયટ - કામૂ

(B) વર્ડ્સ્વર્થ - એલિયટ - કામૂ - દાન્તે

(C) એલિયટ - કામૂ - દાન્તે - વર્ડ્સ્વર્થ

(D) કામૂ - દાન્તે - વર્ડ્સ્વર્થ - એલિયટ

40. નીચેની વાર્તાઓનું કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે?

(A) હૃદય પલટો - બદમાશ - કાકવંધ્યા - મારી કમલા

(B) મારી કમલા - હૃદય પલટો - બદમાશ - કાકવંધ્યા

(C) બદમાશ - કાકવંધ્યા - મારી કમલા - હૃદય પલટો

(D) કાકવંધ્યા - મારી કમલા - હૃદય પલટો - બદમાશ

41. 'ગોરજ' અને 'માટીનો મહેકતો સાદ' : આ બે કૃતિઓના કર્તા કોણ?

(A) હરીન્દ્ર દવે (B) મણિલાલ દેસાઇ

(C) મકરન્દ દવે (D) મકરન્દ મૂસળે

42. 'આત્મનિમજ્જન' અને ગુલાબસિંહ : કૃતિઓના કર્તા કોણ?

(A) મણિલાલ 'પાગલ' (B) મણિલાલ નભુભાઇ દ્વિવદી

(C) મણિશંકર રત્નજી ભટ્ટ (D) મનુભાઇ પંચોલી

43. નરસિંહ મહેતાની કાવ્યપંક્તિ દર્શાવોઃ-

(A) સુખદુઃખ - મનમાં ન આણીએ - ઘર સાથે રે ઘડિયાં...

(B) વૈષ્ણવ નથી થયો તું રે શીદને ગુમપીમાં ધૂમે...

(C) હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જોને!

(D) મૂળ રે વિનાનું કાયા ઝાડવું એને પડતાં ન લાગે વાર...

44. 'સોપનું નાકું' અને 'પારખુ' બે એકાંકીઓના કર્તા કોણ?

(A) બટુભાઇ ઉમરવાડિયા (B) યશવંત મહેતા

(C) ગુલાબદાસ બ્રોકર (D) જયંતી દલાલ

45. નીચેનામાંથી મહાપ્રાણ વ્યંજન ક્યા છે?

(A) ન અને મ (B) ખ અને ઘ

(C) હ અને ળ (D) ર અને ટા

**નીચે આપેલોં ગદ્યખંડ વાંચો અને પૂછેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચા ઉત્તરનો ક્રમ દર્શાવોઃ**

કવિનું જીવનદર્શન સમૃદ્ધ હોય, ઉદાત્ત હોય, એની અનુભૂતિ કાવ્યાકાર પામતાં પૂર્વાનુભવ તાત્કાલિક અનુભવ જોડે સંયોજન સાધતી હોય; એ અનુભૂતિ કેવળ ઇન્દ્રિયજન્ય જ્ઞાનરૂપ રહીને ન અટકે, વિવેચન કે પૃથક્કરણ કે સારા સાર વિમર્શરૂપ મનોવ્યાપારના પ્રદેશમાં જ ન રહે, બુદ્ધિજન્ય જ્ઞાનને સ્વરૂપે જ ન રહે; પણ એ બધા ક્રમોમાંથી પસાર થઈને કે થતાં થતાં, કવિનું જીવનદર્શન એના હૃદયને દ્રવિત કરે, કૈંક ક્ષુબ્ધ કરે; એનો અનુભવ ભાવરંગે કે ઊર્મિરંગે રંગાય. એ અનુભવનું તત્ત્વ ભાવરંગે રંગાય એ કથન પર્યાપ્ત નથી. ઇન્દ્રિયાનુભવ, મનોવ્યાપાર, બૌદ્ધિક જ્ઞાન એના પરિણામ રૂપે પ્રાપ્ત થતું તત્ત્વ પોતે હૃદયની અનુભૂતિ રૂપ જ બની જાય, હૃદયની ઊર્મિ અને ભાવ જોડે એક રૂપ બની જાય, કાવ્યમાં એ ભાવરૂપે પ્રધાનતયા વ્યક્ત થાય. લૌકિક અનુભવના રાગદ્વેષ એમાં ન હોય, પ્રપંચની અર્થાત્ જીવનવ્યવહારની ઉપાધિ એમાં ન હોય, લૌકિક સુખસંવેદનાથી ભિન્ન એવી આનંદસંવેદના એમાં હોય; અને ઉચિત શબ્દ-પદ્યરૂપ દ્વારા એ અનુભૂતિ અને એનો સહચારી આનંદ વાચકના હૃદયમાં સંક્રાન્ત કરવો એ કવિધર્મ બની જાય.

**46.** જીવન તરફના કવિના દૃષ્ટિકોણ સંદર્ભે લેખક શું સૂચવે છે?

(A) કવિનું વ્યક્તિત્વ ઉમદા હોવું, જોઈએ.

(B) કવિનું અનુભવવિશ્વ વ્યાપક હોયું જોઇએ.

(C) કવિની જીવનદૃષ્ટિ ભવ્ય અને અર્થગર્ભ હોવી જોઈએ

(D) કવિ જીવનનો તટસ્થ નિરીક્ષક હોવો જોઇએ.

**47.** કવિની અનુભૂતિનું લક્ષ્ય શું હોય છે?

(A) ઇન્દ્રિયજન્ય જ્ઞાન આપવાનું

(B) વિશ્લેષણ દ્વારા સારાસારનું જ્ઞાન આપવાનું

(C) લાગણી અને બુદ્ધિ વ્યાપારોને અંતે ભાવક હૃદયને રસાર્દ્ર કરવાનું

(D) ભાવોર્મિઓમાં વિહાર કરાવવાનું

48. કઈ બાબતે કાવ્યાનુભવ વિશિષ્ટ હોય છે ?

(A) જીવનની સ્થૂળ ગતિવિધિઓને વળોટીને ભાવકને આનંદ કરાવે છે.

(B) રાગદ્વેષને ભૂલી જવાનું સૂચવે છે.

(C) પ્રપંચો બને ઉપાધિઓથી ભાવકને દૂર લઇ જાય છે.

(D) લૌકિક અનુભવોમાંથી રસાનંદ લેતાં શીખવે છે.

49. કાવ્યરચના પાછળ કયું કવિકર્મ હોય છે?

(A) ભાવોર્મિઓને પદ્યદેહ આપવામાં કવિકર્મ છે.

(B) ઉચિત શબ્દરચના દ્વારા કવિ પોતાની આનંદાનુભૂતિમાં ભાવકને સહભાગી બનાવે છે.

(C) લાગણીની સંક્રાંતિ કરવી એ કવિકર્મ છે.

(D) જીવનના પ્રત્યક્ષ આલેખનમાં કવિધર્મ રહેલો છે.

50. આ પરિચ્છેદમાં કેન્દ્રવર્તી વિચાર કયો છે?

(A) ભાવકને જગતનું જ્ઞાન આપવું

(B) ભાવકને નીતિનાશને માર્ગે જતો અટકાવવો

(C) અનુભૂતિને ઊચિત ભાષાસંરચનામાં ઢાળીને ભાવકને આનંદાનુભૂતિ કરાવવી

(D) કાવ્યનાં વિવિધ ઘટકોની સમજૂતી આપવી.

- o 0 o -

**Space For Rough Work**